Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# ગુજરાતમાં રચનાત્મક પ્રવૃત્તિ અને આર્થિક રાષ્ટ્રવાદ

ભૂમિકા બી. વસાવા

પીએચ.ડી. સ્કોલર, ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર,
મો. ૮૨૩૮૭ ૧૧૨૪૩

રચનાત્મક પ્રવૃત્તિ એટલે શું? અને, આર્થિક રાષ્ટ્રવાદ એટલે શું? સહુ પ્રથમ અત્યંત સરળભાષામાં આપણે ઉપરોક્ત બન્ને પ્રશ્નોના જવાબ મેળવી લઈએ. સમાજના નવનિર્માણ ઉત્થાન અને વિકાસ માટે – રાષ્ટ્રના સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, આર્થિક અને રાજકીય વિકાસ માટે – સામાજિક વ્યવસ્થા માટે જે પ્રવૃત્તિ કરવામાં આવતી હોય છે તે રચનાત્મક પ્રવૃત્તિ. અને કોઈપણ વ્યક્તિ સમાજ કે રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે પાયાની જરૂરીયાત છે – આર્થિક સશક્તિકરણ અથવા આર્થિક સદ્ધરતાની, વ્યક્તિગત અને સામૂહિક સ્વરૂપમાં, રાષ્ટ્રની સ્થિતિ અને શક્તિને મજબૂત બનાવવા માટે જે આર્થિક કાર્યો કરવામાં આવે તે આર્થિક રાષ્ટ્રવાદ. પ્રસ્તુત લેખના વિષયનું શીર્ષક છે : "ગુજરાતમાં રચનાત્મક પ્રવૃત્તિ અને આર્થિક રાષ્ટ્રવાદ". આ વિષયને આપણે ઐતિહાસિક પરિપ્રેક્ષમાં એટલે કે ભારતની આઝાદી પૂર્વેના સમયમાં સમજવાનો પ્રયાસ કરીએ.

વીસમી સદીના પ્રારંભમાં લોર્ડ કર્ઝનનાં જુલ્મી કારભારે ભારતની લડાયક શક્તિને જાગૃત કરી...... પ્રજાનાં જહાલ નેતાઓએ જોઈ લીધું કે નઠોર થનાર બ્રિટીશસત્તા સામે વિનય-વિનવણી લાંબો સમય ઉપયોગી થવાના નથી .... કોંગ્રેસ જ એવી એક સંસ્થા હતી કે જેના વડે હિન્દી પ્રજાએ સ્વરાજ તરફ કૂચ કરવાની છે, એ સંસ્થાને મર્યાદાઓ છે છતાં એનો જન્મ સ્વરાજને અર્થે જ થયો છે એમ દાદાભાઈનું સચોટ મંતવ્ય હતું.[૧]

ભાગલા પાડો અને રાજકરોની નીતિના અમલના ભાગરૂપે બ્રિટિશસરકારે બંગાળના ભાગલા કર્યા. વહીવટી સગવડતા બહાના હેઠળ સરકારે ૧૯૦૫માં આ નિર્ણય લીધો. આ ઘટનાને કારણે દેશભરમાં ઉગ્રપ્રત્યાઘાત પડ્યા. બંગાળના લોકો ભાવનાશીલ હોવાથી તેમની ભાવના તીવ્ર થતાં તેમણે સ્વદેશીની ચળવળ ઉપાડી ઠેરઠેર સભાઓ, સરઘસો, દેખાવો, લેખો અને પરિષદો દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો. વિરોધ અને પ્રતિકાર કરવાની ભારતમાંથી ચાર પ્રકારની ચળવળ શરૂ થેઈ. (૧) બહિષ્કાર, (૨) સ્વદેશી (૩) સ્વાવલંબન અને (૪) નિ:શસ્ત્ર

પ્રતિકાર.[૨]

બહિષ્કારમાં મુખત્વે અંગ્રેજી કાપડ, મીઠું, ખાંડ, અંગ્રેજીભાષા, ઉપરાંત જેઓ પરદેશીમાલ ખરીદે તેમનો સામાજિક બહિષ્કાર.

પરદેશી માલનો બહિષ્કાર થાય પણ પ્રજાને જરૂરિયાતની ચીજ વસ્તુઓતો જોઈએ જ. તે ક્યાંથી લાવવી? આ સહજ પ્રશ્નમાંથી જ પ્રજાના સ્વાવલંબન અને સ્વદેશીની ભાવના અને કાર્યનો જન્મ થયો. સ્વદેશી વિના ઉદ્ધાર નથી એનું ભાન પ્રજાને તે વેળા બરાબર થયું. આ સમયે સ્વદેશી ઉદ્યોગોને સારા પ્રમાણમાં ઉત્તેજન મળ્યું. સ્વદેશીની પ્રવૃત્તિની કદર તો વિનીત પક્ષના નેતાઓએ પણ સારી પેઠે કરી હતી.[૩] નિઃશસ્ત્ર પ્રતિકારનું કામ આયરલેન્ડની પ્રજાએ કરી બતાવ્યું હતું. અરવિંદ ઘોષ વગેરે એ બંગાળમાં નિઃશસ્ત્ર પ્રતિકારનું ઉદ્દબોધન કર્યું. તેની પાછળ આધ્યાત્મિક આધાર આપવાનો પૂરો પ્રયાસ થયો હતો.[૪]

આ સમય દરમ્યાન મોહનદાસ કરમચંદ ગાંધી દક્ષિણ આફ્રિકામાં અહિંસાત્મક સત્યાગ્રહની નવી પદ્ધતિથી ગોરી સરકારની સામે આંદોલન ઉભું કરીને હિન્દીઓને ન્યાય અપાવ્યો. લડતમાં પાળવામાં આવેલા અણીશુદ્ધ અહિંસા – આ એક મોટી ઐતિહાસિક ઘટના હતી. લોર્ડ કર્ઝાનાના અક્કડ વલણને કારણે બંગાળ અને અન્ય પ્રદેશોમાં સરકાર વિરોધી ચળવળને પ્રોત્સાહન મળ્યું.

અમદાવાદમાં વધતા જતા કાપડ અને અન્ય ઉદ્યોગોએ ટેકો આપવા માટે ૧૮૭૬માં 'સ્વદેશી ઉદ્યોગ વર્ધક મંડળી'ની સ્થાપના થઇ ચૂકી હતી.[૫] ૧૯૦૬માં અમદાવાદના રીચીરોડ (ગાંધીરોડ) પર એક મકાનમાં સ્વદેશી ચળવળ અંગે વિદ્યાર્થીઓની સભા મળી હતી તેમાં વંદેમાતરમનું ગુજરાતી રૂપાંતર ગાવામાં આવેલું. આ દિવસોમાં વિરમગામમાં દેકાવાડા ગામે અને માંડલ ગામમાં પણ સભાઓ યોજાઈ હતી. જેમાં સ્વદેશી ખાંડ વાપરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ઉપરાંત અમદાવાદમાં ૧૯૦૩માં 'સ્વદેશી વસ્તુ સંરક્ષણ મંડળ'ની શરૂઆત થઇ હતી. તેને બંગભંગની ચળવળથી સારો વેગ મળ્યો.[૬]

રાજારામ મોહનરાય, દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, બંકીમચંદ્ર, ગોપાલકૃષ્ણ ગોખલે, દાદાભાઈ નવરોજી, લોકમાન્ય ટિળક, મહાદેવ ગોવિંદ રાનડે, લાલા લજપતરાય, અરવિંદ ઘોષ, ઈશ્વરચંદ્ર, વિદ્યાસાગર મહર્ષિ કર્વે, નર્મદાશંકર, દલપતરામ અને એની બેસંટ વગેરે અનેક વિચારશીલ વ્યક્તિએની સ્વદેશી, રાષ્ટ્રવાદ, સ્વરાજ્ય, શિક્ષણ વિગેરે વિષય પર પૂરો અભ્યાસ અને ચિંતન કરીને રાષ્ટ્રના સામાજિક રાજકીય અને સાંસ્કૃતિક પ્રેક્ષમાં સક્રિય

ભૂમિકા ભજવી છે. અંધશ્રદ્ધામાં ડૂબેલા સમાજને તંદ્રાવસ્થામાંથી બહાર લાવવાનો પુરુષાર્થ અને પ્રયાસ કર્યો છે.

ગાંધીજીનું આગમન ૧૯૧૫માં. દક્ષીણ આફ્રિકાથી આવ્યા અમદાવાદ ઉપર એમની નજર ઠરી હતી. "હું ગુજરાતી હોવાથી ગુજરાતી ભાષા મારફતે દેશની વધારે સેવા કરી શકીશ એમ માનતો હતો. અમદાવાદ પૂર્વે હાથશાળનું મથક હોવાથી રેટીયાનું કામ અહીં જ વધારે સારી રીતે થઇ શકાશે એવી પણ માન્યતા હતી. ગુજરાતનું પાટનગર હોવાથી ધનાઢ્ય લોકો ધનની વધારે મદદ કરશે એ પણ આશા હતી.[૭] સત્યાગ્રહ આશ્રમની સ્થાપના મે ૨૫, ૧૯૧૫માં અમદાવાદના કોચરબનામના એક મકાનમાં કરી અને દેશ સેવાની પ્રવૃત્તિનો ગાંધીજીએ આરંભ કર્યો."

તે સમય રાષ્ટ્રીય પ્રવૃત્તિ શહેરોઓ પુરતી જ માર્યાદિત હતી. ગાંધીજીના હિંદ આગમન બાદ પરિસ્થિતિ બદલાઈ. બિહારના ગળીના ખેતરોમાં કામ કરતા મજૂરો, અમદાવાદના મિલકામદારો અને ખેડૂતોના હક માટેની લડતો દ્વારા રાષ્ટ્રીય પ્રવૃત્તિ ગામડાઓ સુધી પહોંચી. ગાંધીજીના ગુજરાત સભાના પ્રમુખ થયા પછી – ગુજરાત સભાએ ઘણું કાર્ય કર્યું. હિંદી વજીર મોટેગ્યું ચેમ્સફર્ડને બંધારણીય સુધારા માટે એક મેમોરેન્ડમ આપવાનું હતું. એનો મુસદ્દો ગાંધીજીએ તૈયાર કર્યો. આ અરજી પર હજારો સહીઓ ગામડે ગામડે જઈને કાર્યકરોએ મેળવી એને લીધે દૂર દૂરનાં ગામડાઓ સુધી પણ સ્વરાજ્યની કલ્પના લોકોના મનમાં ઠસી.[૮] સ્વરાજ્ય અને સામાજિક કલ્યાણ માટેના જે સિદ્ધાંતો ગાંધીજીએ રચ્યા તેનો અમલ પણ કર્યો. લોકો સમજી શકે તેવી સરળભાષામાં લોકો સુધી વાત પહોંચાડી. મશીનોના યુગમાં મોટા શહેરોમાં કારખાના અને કાપડની મિલો શરૂ થઇ ચુકી હતી. ગામડાઓના ઉદ્યોગો નષ્ટ થયા. રોજી રોટી માટે લોકો શહેરોમાં જઈને વસ્યાં ગામડાં તૂટ્યા. ગાંધીજીને લાગ્યું કે આઝાદીની પહેલી શરત છે ગામડાઓનું અર્થકારણ સુધારવું ગામડા આબાદ થાય તો જ સમાજ ટકે. આ માટે સ્વરાજ્ય પ્રાપ્તિના રાજકીય જન આંદોલનની સાથે આર્થિક અને સામાજિક સ્થિતિ સુધારવા તરફ ગાંધીજીએ ધ્યાન કેન્દ્રિત કર્યું.

આર્થિક રાષ્ટ્રવાદ તથા તંદુરસ્ત સમાજના ધ્યેયની પૂર્તિ માટે રચનાત્મક કાર્યક્રમ દેશ સમક્ષ રજૂ કર્યા. ગાંધીજીના પુસ્તક રચનાત્મક કાર્યક્રમમાં 15 જેટલા કાર્યક્રમોનો ઉલ્લેખ જોવા મળે છે.[૯]

૧. સામ્પ્રાદાયિક એકતા, ૨. અછૂતોદ્ધાર, ૩. મદ્ય-નિષેધ, ૪. ખાદી, ૫. ગ્રામીણ કુટિર ઉદ્યોગ ૬. ગ્રામ સફાઈ, ૭. નઈ તાલીમ, ૮. વયસ્ક શિક્ષા અને સાક્ષરતા, ૯. મહિલા સશક્તિકરણ, ૧૦. સમગ્ર – ગ્રામસેવા, ૧૧. હિન્દુસ્તાનીનો પ્રચાર, ૧૨. માતૃભાષા માટે પ્રેમ,

૧૩. આર્થિક સમાનતા માટે કામ, ૧૪. આદિવાસીઓ ની સેવા, ૧૫. વિદ્યાર્થી, કિસાન અને મજૂરોનું સંગઠન. સ્વરાજ્ય અને આર્થિક સ્થિતિ સુધારવા માટેનું મહત્વનું પગથીયું છે ખાદી.

એક દિવસ દિનબંધુ એન્ડ્રુઝ અને પિયર્સન આવેલા ત્યારે આશ્રમમાં એક મેળાવડો કરેલો. મહાત્માજીએ એક નાનકડો રૂમાલ હાથમાં લઈને તેના પાર વગરના વખાણ કર્યા. ખાદીના આ નાનકડા ટૂકડાના આટલા બધા વખાણ સાંભળી સૌને નવાઈ લાગી.

દાદાસાહેબ માવળંકરે ૧૯૪૦માં એક પ્રવચનમાં ખાદીના મહત્વને વિસ્તારથી સમજાવ્યું છે. ખાદી નહી અપનાવીએ તો સ્વરાજ્ય નહિં મળે ખાદીનું તત્વજ્ઞાન અને વિચાર સમજી લેવા જોઈએ સ્વરાજ્ય એટલે શું અને શા સારું? તે સમજીએ તો ખાદી સ્વરાજ્યનું તરત જ બીજું પગથીયું છે..... જે ધન આપણે પેદા કરી શકીએ તે પ્રજાના દરેકજણને મળી શકે તે પ્રકારની રાજ્યવ્યવસ્થા તે જ સ્વરાજ્યનો ખરો અર્થ છે. ભૂખમરો કાયમ હોય તો તે સ્વરાજ્ય નથી.

૪૦ કરોડ પ્રજામાંથી ઘણી ખરી પ્રજા તો ગામડામાં રહે છે. તેમને કયો ઉદ્યોગ આપીશું? ખેતીનો ઉદ્યોગ તો છે જ, તે સિવાય આપણી આવકમાં પૈસા કે પાઈ વધારી શકે તેવો બીજો કયો ઉદ્યોગ છે.... ખાવા પીવાનું આપી શકે તેવો અને ઘરમાં, સાદાઈથી, થોડી મૂડીથી થઇ શકે તેવો ખાદી સિવાય બીજો ઉધ્યમ ઉદ્યોગ છે? મિલ ચલાવો તો કેટલા માણસોનું પોષણ કરી શકશો? એક મિલ કાઢવામાં રૂ. ૨૫ લાખની જરૂર તેમાં ૨૦૦૦ ને રોજી મળે. ૧૦ હજારનું પોષણ થાય. તો ૪૦ કરોડ માટે મિલો કાઢવા સારું એટલી બધી મૂડી લાવશો ક્યાંથી? માલ ક્યાં વેચશો? શું ગામડે ગામડે મિલો કાઢશો?[૧૦] તે સમયે એવું કહેવાતું કે 'સૂતરને તાંતણે સ્વરાજ્ય'.

ગાંધીજીના પંચસૂત્રી રચનાત્મક કાર્યક્રમને સફળ બનાવવા માટે વ્યાપક સ્વરૂપમાં સમગ્ર ભારત અને ખાસ કરીને ગુજરાતભરમાં રચનાત્મક સંસ્થાઓ શરૂ થઇ. ૧૯૨૦માં આ પ્રવૃત્તિઓ શરૂ થઇ ચૂકી હતી. બારડોલી સત્યાગ્રહને લીધે આખા સૂરત જિલ્લામાં તેમજ આસપાસના પ્રદેશોમાં તથા ગુજરાતમાં જે જાગૃતિ ફેલાઈ તેને કારણે અનેક પ્રકારના રચનાત્મક કાર્યક્રમ દ્વારા મદ્યનિષેધની પ્રવૃત્તિને કારણે દારૂતાડી છોડવાને કારણે શહેરોનો મજુર વર્ગ અને આદિવાસી વિસ્તારમાં લોકોને બે પૈસાની બચત થવા માંડી.[૧૧]

સત્ય, અહિંસા, સ્વરાજ્ય મેળવવા માટેના સક્રિય પ્રયાસો તો ખરા જ પણ ગાંધીજીની દ્રષ્ટિથી રચનાત્મક કાર્યો અતિ મહત્વના હતા. ઉત્તમ ઉદાહરણ તા. ૯મી ઓગષ્ટ ૧૯૨૯ને ગુરૂવારે મહાત્માજી અને વલ્લભભાઈએ (બારડોલી) લડતની પૂર્ણાહૂતિ થઇ છે એમ જાહેર કર્યું તે સાથે જ પ્રજાને રચનાત્મક કાર્યમાં લાગી જવા માટે અપીલ કરી.[૧૨]

આર્થિક સમાનતા માટેના કામ, ગ્રામીણ કુટિર ઉદ્યોગ અને ખાદીને કારણે આર્થિક રાષ્ટ્રવાદની પ્રવૃત્તિને વેગ મળ્યો. વિદેશી માલના બહિષ્કાર દ્વારા ઘર આંગણામાં બનાવેલી સ્વદેશી માલની બચતમાં વધારો થવાથી રાષ્ટ્રની સંપત્તિનો વધારો કરવાની દિશામાં પ્રોત્સાહન મળ્યું. માતૃભાષાનો પ્રેમ અને હિંદુસ્તાનના પ્રચાર દ્વારા દેશની ભાવાત્મક એકતા સિદ્ધ કરવાના દ્વારા ખૂલ્યાં. આદિવાસીઓની સેવા, અને હરીજન પ્રવૃત્તિ દ્વારા સમાજમાં પ્રવર્તમાન સામાજિક ભેદભાવને દુર કરવા માટે પ્રયાસો થયાં. સાંપ્રદાયિક એકતા દ્વારા કોમી વૈમનસ્યને દૂર કરવાના ઓપ્રયાસ, વિગેરે પ્રકારના રચનાત્મક કાર્યક્રમ દ્વારા ચોતરફ ફેલાયેલી જાગૃતિએ આઝાદી મેળવવાના રાજકીય પ્રયાસોને લડતને વેગ આપ્યો.

આમ, ગાંધીજી દ્વારા ગુજરાતમાં થયેલી રચનાત્મક પ્રવૃત્તિને કારણે આર્થિક રાષ્ટ્રવાદને પ્રાત્સાહન મળ્યું.

પાદનોંધ :

1. દેસાઈ, શાંતિલાલ મ, (૧૯૭૫) રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત, યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પૃ. ૫૩
2. એજન, પૃ. ૬૫-૬૬
3. એજન, પૃ. ૬૭
4. એજન, પૃ. ૬૭
5. એજન, પૃ. ૬૮
6. એજન, પૃ. ૬૮
7. ગાંધી, મોહનદાસ કરમચંદ, (૨૦૦૪) સત્યના પ્રયોગો, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃ. ૩૫૫
8. માવળંકર, ગણેશ વાસુદેવ, (૨૦૧૧) સંભારણા, આશુતોષ પુરુષોત્તમ માવળંકર, ડૉ. પ્રોફેસર પી.જી. માવળંકર ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ, પૃ. ૧૧.
9. ચતુર્વેદી, સતીશ (૨૦૦૪), સ્વદેશી એવં ગાંધી ચિન્તન, પોઈન્ટર પબ્લિશર્સ, જયપુર, પૃ.૧૦૫.
10. માવળંકર, ગણેશ વાસુદેવ, ઉપરોક્ત પૃ. ૧૬,૧૭,૧૮.
11. મહેતા, સુમંત (૧૯૨૮) બારડોલી અને રચનાત્મક કાર્ય, પ્રસ્થાન, પૃ. ૨-૭.
12. બારડોલી વિજયાંક-પ્રતાપ “તવારીખમાં તવારીખ”, પત્રિકા માં પ્રકાશન તારીખ સ્થાળ વિગેરે નથી. પૃ. ૨૮.